ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૨ માર્ચ, ૨૦૨૬

ભારત પોતે જ નિશાના પર હોય, ત્યારે તટસ્થતા નિષ્ક્રિયતા લાગી શકે છે

ભારત અત્યારના સંજોગોમાં અપનાવેલા નેરેટિવને 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' (સ્ટ્રેટેજિક ઓટોનોમી)નું છોગું પહેરાવે છે. બીજા લોકો તેને 'મલ્ટી-અલાઈનમેન્ટ' કહે છે. આ ભારેખમ શબ્દોની પાછળની સત્તાવાર નીતિ એકદમ સરળ છે

ખાડી દેશોની ઉપરથી કોઈ મિસાઈલ પસાર થાય છે, ત્યારે વિવિધ રાષ્ટ્રોની રાજધાનીઓમાં એક વ્યૂહરચના તરીકે તેનું વિશ્લેષણ થાય છે. પરંતુ ભારતના મામલામાં, તે અનિશ્ચિતતાનો અહેસાસ કરાવે છે, જેમ કે વધતા જતા પેટ્રોલ-ડીઝલના ભાવો, ફ્લાઈટ્સમાં થતા વિલંબ અને વોટ્સએપ પર આવનારો તમારી સુરક્ષાની પૃચ્છા કરતો મેસેજ. ભારત માટે, પશ્ચિમ એશિયા માત્ર કોઈ થિંક-ટેન્કના બ્રીફિંગમાં રહેલો નકશો નથી. તે ખાડી દેશોમાં વસતા 80થી 90 લાખ ભારતીયો છે. આમાંની દરેક વ્યક્તિ કટોકટી વખતે બચાવ કામગીરીના સમાચારની હેડલાઈન બની શકે છે, અને દરેક વ્યક્તિ દેશમાં લાખો પરિવારોનું ગુજરાન ચલાવતી કમાણીની (રેમિટન્સની) જીવાદોરી છે. પરંતુ, ભારતે પોતાને માટે એક નેરેટિવ બનાવી રાખ્યું છે અને તેમાં અહીંથી જ તિરાડ પડવાની શરૂઆત થાય છે. ભારત અત્યારના સંજોગોમાં અપનાવેલા નેરેટિવને 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' (સ્ટ્રેટેજિક ઓટોનોમી)નું છોગું પહેરાવે છે. બીજા લોકો તેને 'મલ્ટી-અલાઈનમેન્ટ' કહે છે. આ ભારેખમ શબ્દોની પાછળની સત્તાવાર નીતિ એકદમ સરળ છેઃ ભારત તમામ ગ્રૂપ્સથી એક સરખું અંતર જાળવશે, ઈઝરાયેલ, ઈરાન અને આરબ મોનાર્કીઝ સાથે સંબંધો જાળવી રાખશે અને માત્ર તણાવ ઘટાડવા પર જ ભાર મુકશે. સૈદ્ધાંતિક રીતે, આ બિન-જોડાણવાદની (નોન-અલાઈનમેન્ટની) પરાકાષ્ઠા જેવું લાગે છે. પરંતુ વ્યવહારમાં, તે એક ભાંગી પડે એવી કલ્પના સાબિત થઈ રહી છે.

ભારત તટસ્થ હોવાનો દાવો કરે છે. પરંતુ તેનાં પગલાં અગાઉથી જ પક્ષ પસંદ કરી ચૂક્યા છે. એક તરફ, નવી દિલ્હી રશિયા પાસેથી ડિસ્કાઉન્ટમાં ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખીને, વૈશ્વિક ક્રૂડના આંચકાઓ સામે તેને એક કવચ તરીકે વાપરી રહ્યું છે. તો બીજી તરફ, તે ખાડી દેશો અને યુરોપની સાથે મળીને ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) ને વેગ આપે છે, જે અમેરિકાનો ટેકો ધરાવતો વ્યાપાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રૂટ છે, જે મૂળ તો ચીન-નિયંત્રિત પ્રોજેક્ટ્સના વિકલ્પ તરીકે તૈયાર કરાયો છે. ભારતનો એક પગ યુરેશિયન ઊર્જામાં છે, તો બીજો અમેરિકા-કેન્દ્રિત વેપાર વ્યવસ્થામાં. આ હવે માત્ર કોઈ સાવચેતીભર્યો બચાવ નથી; તે તટસ્થતાના પેકિંગમાં પીરસવામાં આવતું મનપસંદ જોડાણ છે.

આંતરરાષ્ટ્રીય મંચ પર, ભારતના સાવચેતીથી બોલાતા શબ્દો અને મતદાનથી અળગા રહેવાની નીતિને બીજા દેશો તટસ્થ વલણ તરીકે નહીં, પરંતુ સંજોગો જેમના તેમ રાખવા માંગતી સત્તાઓ માટેના હળવા સમર્થન તરીકે જોવામાં આવે છે. તટસ્થતા હવે અદ્રશ્ય નથી રહી, તેનું અર્થઘટન થાય છે અને ઘણીવાર તેનું ખોટું અર્થઘટન પણ થાય છે. જૂથબંધીમાં વહેંચાયેલા આ વિશ્વમાં, મૌન કોઈ નિર્દોષતાનું પ્રતીક નથી; તે એક એવી ખાલી જગ્યા છે જેને અન્ય લોકો પોતાની મરજી મુજબ ભરી દેશે. આ જોખમો માત્ર સૈદ્ધાંતિક નથી. ભારતના કુલ રેમિટન્સનો લગભગ 40% હિસ્સો ખાડી દેશોમાંથી આવે છે. કેરળ, ઉત્તર પ્રદેશ, બિહાર અને અન્ય રાજ્યોના લાખો પરિવારો દુબઈ, દોહા, રિયાધ અને શારજાહથી આવતા પૈસા પર નિર્ભર છે. ખાડી દેશો ભારતના ક્રૂડ ઓઈલનો પણ એક મોટો સ્ત્રોત છે, જે વિશ્વના કેટલાક સૌથી અસ્થિર સમુદ્રી માર્ગો - હોર્મુઝની સામુદ્રધુની અને બાબ-અલ-મંડેબમાંથી પસાર થાય છે. આ પ્રદેશમાં થતા દરેક સંઘર્ષની સફર તેજીલી હોય છેઃ એ દૂરના સંઘર્ષ ક્યારે લોકલ પરિણામ લાવશે તેની કોઈ સમય મર્યાદા કે ગેરંટી નથી. આ અંતે ઈંધણના વધતા ભાવો, ખોરવાયેલી સપ્લાય ચેઈન અને સમાચારની રાહ જોતા ચિંતિત પરિવારોમાં ફેરવાય છે. કટોકટી આવે ત્યારે ભારતે હંમેશાં હિંમત જ દાખવી છે પણ એ સ્થાયી ભાવ નહીં કામચલાઉ ગોઠવણ વધુ હોય છે. 2023માં અચાનક ફાટી નીકળેલા આંતરવિગ્રહને કારણે સુદાનમાં ફસાયેલા અંદાજે 3500 થી વધુ ભારતીયોને સુરક્ષિત બહાર કાઢવા માટે ચલાવવામાં આવેલું 'ઓપરેશન કાવેરી' આનું ઉત્તમ ઉદાહરણ છે. ભારતીય વાયુસેના અને નૌકાદળે ઝડપથી પગલાં લીધા, દૂતાવાસના સ્ટાફે રાત-દિવસ કામ કર્યું અને મોટાભાગના નાગરિકો સલામત પાછા ફર્યા. કોઈપણ માપદંડથી જોઈએ તો, આ એક મોટી સફળતા હતી. આ બધું તાબડતોબ કરવામાં આવ્યું હતું - ફ્લાઈટ્સના રૂટ બદલવા પડ્યા, જહાજોને તાત્કાલિક કામે લગાડવામાં આવ્યા, અને ભારે દબાણ હેઠળ રિયલ-ટાઈમમાં સંકલન કરવું પડ્યું. આપણે બચાવ કામગીરીની સફળતાની ઉજવણી તો કરી, પણ આપણે એ પ્રશ્ન ન પૂછ્યોઃ શા માટે આપણે દરેક વખતે છેલ્લી ઘડીએ જ નવી ગોઠવણ કરવી પડે છે? પહેલાં યુક્રેન, પછી સુદાન, અને આ બંનેની વચ્ચે સતત ધૂંધવાતો ખાડી પ્રદેશ. દરેક નવો સંઘર્ષ એક જ પ્રશ્ન ઊભો કરે છેઃ આપણે કેટલા ભારતીયોને અને કેટલી ઝડપથી બહાર કાઢી શકીશું? આ અંતર જાળવવાની વ્યૂહરચના નથી. આ માત્ર તાત્કાલિક સ્થિતિ થાળે પાડવાની વ્યૂહરચના છે. ટૂંકમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવામાં આપણે માહેર છીએ એવું કહી શકાય. આ દરમિયાન, ચીન જે કરે છે એ ભારતે ખૂબ જ ધ્યાનથી જોવાની જરૂર છે. બેઈજિંગે છેલ્લા એક દાયકામાં ખાડી પ્રદેશમાં એવા સંબંધો વિકસાવ્યા છે જેને વિશ્લેષકો બેવડા ઉપયોગવાળા સંબંધો કહે છે. ચીને અહીં બંદરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ચલણ અંગેના કરારો અને એવી કૂટનીતિક વ્યવસ્થાઓ ઊભી કરી છે જે શાંતિ હોય ત્યારે વેપારી હેતુઓ પૂરા પાડે છે અને કટોકટી વખતે વ્યૂહાત્મક કામમાં આવે છે. ચીન તટસ્થતાનો દાવો નથી કરતું. તે પોતાની હાજરીનો દાવો કરે છે. તેણે એકસાથે રિયાધ અને તેહરાન બંને સાથે સંબંધો કેળવ્યા, 2023માં સાઉદી-ઈરાન શાંતિ કરાર કરાવવામાં મધ્યસ્થી તરીકે કામ કરીને ચીને પોતાને એક એવા અનિવાર્ય ભાગીદાર તરીકે સ્થાપિત કર્યું છે કે વોશિંગ્ટન કે નવી દિલ્હી પણ હજી એ સ્તરે નથી. કોઈને ચીનની આ પદ્ધતિ ગમે કે ન ગમે, તેનો ઈરાદો એકદમ સ્પષ્ટ છેઃ ચીન પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે, અંતર નથી જાળવી રહ્યું. આનાથી વિપરીત, ભારત હજુ પણ 'બધા આ પ ણ ને પ સં દ કરે છે' એ વાત પર પોતાની પીઠ થાબડી રહ્યું છે, પરંતુ એ હકીકત ચૂકી જાય છે કે જ્યારે આ પ્રદેશમાં સત્તાનાં સમીકરણો બદલાય છે, ત્યારે કોઈ સૌથી પહેલા ભારતને ફોન કરતું નથી. વ્હાલા થવામાં, પીપલ પ્લીઝર થવામાં આપણે નુકસાન વહોરી રહ્યા છીએ. એટલે જ ભારતને કોઈ દેખાડા કે માત્ર વલણની નહીં, પરંતુ એક નક્કર સિદ્ધાંતની જરૂર છે.

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

પહેલી જરૂરિયાત રાજકીય સ્પષ્ટતા છે. ભારતે એવો ડોળ કરવાનું બંધ કરવું જોઈએ કે તેની વર્તમાન સ્થિતિ તટસ્થતાની છે. તેના બદલે તેને એક ઈરાદાપૂર્વકની પસંદગી તરીકે સ્વીકારવી જોઈએ; તમામ પક્ષો સાથે જોડાણ, પરંતુ કોઈના પણ પક્ષે આંધળું સમર્થન નહીં. આ એક બચાવ કરી શકાય તેવી સ્થિતિ છે. જ્યારે આપણી ઊર્જાની ખરીદી અને વેપાર કોરિડોર કંઈક અલગ જ વાર્તા કહેતા હોય, ત્યારે તેને તટસ્થતા કહેવી એ યોગ્ય નથી. બીજી જરૂર છે નાગરિક સુરક્ષાને અગ્રિમતા આપવાની ખાતરી. વિદેશમાં વસતા દરેક ભારતીયને માત્ર દૂતાવાસની એક નોંધ તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાના મુખ્ય હિત તરીકે ગણવા જોઈએ. આનો અર્થ છે કે કટોકટીમાં બચાવ માટેનો એક કાયમી સિદ્ધાંત, આપણા વિદેશી મિશનો અને ગુપ્તચર સંસ્થાઓ વચ્ચે વધુ સારું સંકલન, અને ખાડી દેશોના ભાગીદારો સાથે ફોર્મલ ક્રાઈસિસ રિસ્પોન્સ એગ્રીમેન્ટ કરવું જેથી કટોકટી આવે પછી નહીં, પણ પહેલાં જ આપણને ખબર હોય કે આપણા લોકો ક્યાં છે. ઓપરેશન કાવેરીએ સાબિત કર્યું કે દબાણ હેઠળ ભારત શું કરી શકે છે. પરંતુ જો કોઈ યોગ્ય સિદ્ધાંત હશે, તો આવી છેલ્લી ઘડીની કસોટીમાંથી ફરી ક્યારેય પસાર નહીં થવું પડે.

ત્રીજી જરૂરિયાત આક્રમક વૈવિધ્યકરણ છે. ભારત માત્ર મુઠ્ઠીભર હાઈડ્રોકાર્બન સપ્લાયર્સ અને ગણ્યાગાંઠ્યા દરિયાઈ માર્ગો પર નિર્ભર ન રહી શકે. તેણે વૈકલ્પિક સપ્લાયર્સ સાથે LPG માટે સંબંધો ગાઢ બનાવવા જોઈએ, નવીનીકરણીય ઊર્જા કોરિડોરનો વિસ્તાર કરવો જોઈએ, અને સ્થાનિક ભંડારો તેમજ વૈકલ્પિક પરિવહન માર્ગો વિકસાવવા જોઈએ, જેથી પ્રાદેશિક સ્તરે થતો દરેક સંઘર્ષ દેશની સ્થાનિક કટોકટી ન બને. આ માત્ર કિંમતનો સવાલ નથી. આ એવા સંવેદનશીલ દરિયાઈ માર્ગો પરનો આધાર ઘટાડવાની વાત છે, જે ભારતને એવા ભૂગોળનું બંધક બનાવે છે જેના પર ભારતનું પોતાનું કોઈ નિયંત્રણ નથી.

આમાંના કોઈ પણ પગલાં માટે ભારતે કોઈ લશ્કરી જોડાણમાં જોડાવાની જરૂર નથી. આપણે કંઈ કરીએ જ નહીં અને પછી સમજું હોવાને દાવો કરીએ તો ન ચાલે. કંઇ ન કરવું એ નિષ્ક્રિયતાની નિશાની પણ છે. નવી વિશ્વ વ્યવસ્થામાં, મૌન કોઈ વ્યૂહરચના નથી, એક વલણ છે, અને તેના આધારે જ તમારી કસોટી થશે.

બાય ધી વે

ભારતને તટસ્થ રહેવાનું પરવડે તેમ નથી જ્યારે તેના લોકો, તેની ઊર્જા અને તેનું અર્થતંત્ર પહેલેથી જ નિશાના પર હોય. તટસ્થતા અને સંતુલન વચ્ચે ફેર છે, તમે તટસ્થ હો તો તમે ક્યાંય નથી, ન આ તરફ ન પેલી તરફ; પણ તમે સંતુલિત અભિગમ અપનાવો તો તમારે સ્ટેન્ડ લેવું પડે, એટલે કે નિર્ણય લઈ તેની પડખે ઊભા રહેવું પડે. ખરી હિંમત એમ કરવામાં દેખાય છે.

શાસક ગમે એટલો અપલખણો હોય, કમસેકમ તેનામાં બુદ્ધિ હોવી જોઈએ!

અખાતી દેશો અને અમેરિકાના મિત્ર દેશો ટ્રમ્પની ગુહાર છતાં ય અમેરિકાને મદદ કરવા આગળ આવતા નથી. ઇઝરાયેલ વિસ્તરવાની તક છોડવા માગતું નથી અને ઈરાન મરીને મરવા તૈયાર છે. આમાં સપડાયેલું છે અમેરિકા

યુદ્ધ અત્યારે નીચ, બેવકૂફ અને મરણીયા વચ્ચે ચાલી રહ્યું છે જેમાં ત્રણ અઠવાડિયા પછી પણ મરણીયો સરસાઈ ધરાવી રહ્યો હોય એમ લાગે છે. સુજ્ઞ વાચકને નીચ, બેવકૂફ અને મરણીયાની ઓળખ આપવાની જરૂર તો નથી, છતાં જણાવી દઉં કે નીચ ઈઝરાયેલના શાસક બેન્જામીન નેતાન્યાહૂ છે, બેવકૂફ અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ છે અને ઈરાનનું નેતૃત્વ મરણીયું છે. ઈતિહાસ કહે છે કે મરણીયા હંમેશા ભરી પડે કારણ કે એની પાસે બચવા કે બચાવવા માટે કશું બચ્યું હોતું નથી અને તે પોતાના સહિત દરેક ચીજને સ્વાહા કરવા તૈયાર હોય છે. ઈઝરાયેલે ઈરાનના તેલમથકો પર હુમલો કર્યો એ પછી ઈરાને યુદ્ધને લશ્કરીમાંથી આર્થિક બરબાદીમાં ફેરવી નાખ્યું છે અને હવે જગતને શાસકોમાં હોવા જોઈતા સંયમ, સમજદારી અને સહિષ્ણુતાના ગુણોની કિંમતનો પરિચય થવા લાગ્યો છે અને જેને હજુ સુધી નથી થયો તેમને હવે થવાનો છે. ધીરજ રાખો, આપણે ત્યાં અંધભક્તોને પણ તેનો જલ્દી પરિચય થવાનો છે. મુસ્લિમપીડાનું વિકૃત સુખ મેળવવા માટે ક્યાં સુધી ખુવાર થતા રહેવાનું!

પહેલાં નીચની વાતઃ

ઈઝરાયેલ આર્થિક અને લશ્કરી રીતે સ્થિર થયા પછી, સ્થિર નહીં અખાતી દેશોમાં સરસાઈ મેળવી લીધા પછી તેનો બીજો એજન્ડા વિસ્તરવાનો હતો. મે ૧૯૪૮માં ઈઝરાયેલની સ્થાપના થઈ ત્યારે તેનું ભૌગોલિક ક્ષેત્રફળ માત્ર ૧૪,૦૦૦ થી ૧૫,૦૦૦૦ ચોરસ કિલોમીટર હતું જે આજે ૨૨,૦૦૦ ચોરસ કિલોમીટર કરતાં વધુ છે, સાત દાયકા દરમ્યાન મોકો જોઈને ધીરે ધીરે ઈઝરાયેલે તેના કદમાં એક તૃતીયાંશ ક્ષેત્રફળનો વધારો કર્યો હતો. અમેરિકા અને યુરોપના દેશોમાં યહૂદીઓનું લોબિંગ અને મુસ્લિમ વિરોધી માનસિકતાના કારણે ઈઝરાયેલના વિસ્તારવાદનો બહુ વિરોધ નહોતો થતો. આ સિવાય ઈઝરાયેલ પાસે અસ્તિત્વ પર જોખમનું બહાનું તો રોજનું હતું.

બેન્જામીન નેતાન્યાહૂ ૨૦૨૧-૨૨નો દોઢ વરસનો અપવાદ છોડીને ૨૦૦૯ની સાલથી ઈઝરાયેલમાં શાસન કરે છે. ૨૦૦૯થી ૨૦૧૫-૧૬ સુધી તેમનો એ ચહેરો જોવા નહોતો મળ્યો જે આજે જોવા મળે છે. કારણ એ હતું કે દુનિયામાં હજુ ડાહ્યા લોકો શાસન કરતા હતા જેને એટલું ભાન હતું કે સ્વાર્થનું રાજકારણ પણ આસ્તે આસ્તે કરવું જોઈએ. યુનો હજુ વગ ધરાવતું હતું અને અમેરિકામાં બરાક ઓબામા, ભારતમાં ડૉ મનમોહન સિંહ કે સિંગાપુરમાં લી જેવા શાસકો હતા જેના શબ્દોની કિંમત હતી. ગયા દશકના અંત ભાગમાં નેતાન્યાહૂને લાગવા માંડ્યું કે હવે ઈઝરાયેલ વિસ્તારવાદની ઝડપ વધારી શકે એમ છે. કારણ? ચારેબાજુ આત્મમુગ્ધ નેતાઓ સત્તામાં આવી રહ્યા છે જે પોતાનાં માટે, પોતાની વાહવાહી માટે શાસન કરી રહ્યા છે, વૈશ્વિક વ્યવસ્થાનો તેઓ પોતાના માટે ઉપયોગ કરી રહ્યા છે અને જો ઉપયોગ કરવામાં સાથ ન આપે તો તેને તોડી પાડવામાં પણ કોઈ શરમ કે સંકોચ અનુભવતા નથી. જે દેશોમાં આવા સાશકો નથી ત્યાં તેમને લલકારનારાઓ વીંગમાં ઊભા છે. ટૂંકમાં જગત એવા નેતાઓથી ગ્રસ્ત છે જેમાં રાજ્ય ભીંસમાં છે અને નિર્બળ બની રહ્યું છે. નેતા મોટો અને શક્તિશાળી અને રાજ્ય નિર્બળ. બીજી બાજુ ચીન અને રશિયા છે જેનું રાજ્ય મજબૂત છે અને તેના સાશકો દૂર રહી તક વીણતા રહે છે. નેતાન્યાહૂના ઈઝરાયેલને ચીન અને રશિયા તરફથી સીધો ખતરો નહોતો. નેતાન્યાહૂએ ઈઝરાયેલને વિસ્તારવાની ઝડપ વધારી. બૃહદ ઈઝરાયેલ માટે ૮૫ હજાર ચોરસ કિલોમીટર સુધી વિસ્તરવાની તેની યોજના છે. ક્યાં ૧૯૪૮માં યુનો દ્વારા આકાર અપાયેલી બહુપક્ષીય સંમતી (સર્વસંમતી નહીં, મતલબ પૂરતી પેદા કરવામાં આવેલી સંમતી) સાથે ઈઝરાયેલને આપવામાં આવેલો ૧૪,૦૦૦ ચોરસ કિલોમીટર અને ક્યાં ૮૫ હજાર ચોરસ કિલોમીટર! આડખીલી હતી માત્ર ઈરાન અને ઈરાનના પ્રોક્સી. બીજા મુસ્લિમ દેશોની તેને ચિંતા નહોતી, કારણ કે એ બધા દેશોના શેખો તેલના ધંધામાં અમેરિકન કંપનીઓમાં ભાગીદાર છે. ભારતનાં અને જગતના મુસલમાનોએ અહીં સમજવું જોઈએ કે મુસ્લિમ શાસકો માટે ઈસ્લામ કરતાં ડોલર વધારે કિંમતી છે. ૧૯૭૯થી ઈરાનમાં અમેરિકાનાં અને અમેરિકનોના કોઈ હિત સંબંધ નથી. ઈઝરાયેલ અને યહૂદીઓના સંબંધનો તો કોઈ સવાલ જ નથી. આ સિવાય ઈરાન અણુશસ્ત્રો બનાવવામાં લગભગ કિનારે પહોંચી ગયું છે એમ પણ કહેવાય છે. જો ઈરાનને ખતમ કરવામાં આવે તો અખાતી દેશોની ૮૫ હજાર ચોરસ કિલોમીટર જમીન હડપી જવામાં ઈઝરાયેલને કોઈ રોકી નહીં શકે. નેતાન્યાહૂએ પહેલાં પ્રોક્સીઓને ખતમ કર્યા અને પછી ઈરાનને સીધું નિશાના પર લીધું. ઈઝરાયેલ જે કરે છે એ તેની લાંબાગાળાની યોજનાના ભાગરૂપે કરે છે.

નો નોનસેન્સ
રમેશ ઓઝા

હવે બેવકૂફની વાતઃ

સ્વાર્થનું રાજકારણ પણ સમજી વિચારીને, જરૂરી ભૂમિકા બનાવીને, પ્રમાણમાં ગળે ઉતરે એવું બહાનું બનાવીને આસ્તે આસ્તે કરવું જોઈએ એટલી સમજ ધરાવતા શાસકો અમેરિકાને મળતા રહ્યા છે. જ્યોર્જ બુશ (જુનિયર) જેવા સામાન્ય બૌદ્ધિક ક્ષમતા ધરાવતા પ્રમુખ પણ આટલી અક્કલ ધરાવતા હતા. અફઘાનિસ્તાન અને ઈરાકમાં તેમણે નાટો દેશોને સમજાવી પટાવીને સંડોવ્યા હતા. એવું નથી કે અમેરિકાના પૂર્વી શાસકો નીતિનિષ્ઠ હતા, તેઓ સમજદાર હતા. પણ ડોનાલ્ડ ટ્રમ્પ તો લાખોમાં એક છે. તેઓ અમેરિકા પર અમેરિકન પ્રજાના હિતમાં શાસન નથી કરી રહ્યા, પણ પોતાના માટે અને પોતાનાંઓના હિત માટે શાસન કરી રહ્યા છે. સવારે ઊઠીને પહેલો વિચાર એ કરે કે આજે એવું શું કરું કે જગતમાં સોપો પડી જાય. વાહ વાહ થાય અને હા, પોતાને મદદ કરનારાઓને ફાયદો થાય. તેમને સભ્યતા અને સંસ્કાર સાથે તો લેવાદેવા નથી, સાતત્ય સાથે પણ લેવાદેવા નથી. એક જ દિવસમાં બે વાર પલટી મારે. તમને આશ્ચર્ય થશે યુદ્ધ શરુ થયું ત્યારથી આ લખાય છે ત્યાં સુધીમાં ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધ વિષે સો કરતાં વધુ નિવેદનો કર્યાં છે. જે મનમાં આવે એ બોલે. કરી નાખી છે અને ઘર આંગણે લોકતંત્રને કબજે કર્યું છે. વિરોધીઓને મેનેજ કરવા ધન જોઈએ અને ધન સારુ ક્રોની કેપિટલિસ્ટોની બેડી પણ તેમણે પહેરી લીધી છે. તેઓ કશું જ કરવાના નથી અને કરી શકે એમ પણ નથી.

નેતાન્યાહૂએ વિચાર્યું કે જેવો જોઈએ એવો વરરાજો અમેરિકામાં ઘોડે ચડી ગયો છે. આ સિવાય બીજા દેશોમાં પણ આવા ઘોડે ચડેલા વરરાજાઓ છે જે આત્મમુગ્ધ છે અને પોતાની વાહવાહી થાય એવી હેડ લાઈન્સ શોધતા રહે છે. તેમણે મર્યાદાઓ આધારિત વૈશ્વિક વ્યવસ્થાની ઐસીતૈસી કરી નાખી છે અને ઈઝરાયેલ માટે મોકળું મેદાન છે.

ગયા જૂન મહિનામાં નેતાન્યાહૂએ અમેરિકાની મદદ સાથે ઈરાન પર હુમલો કર્યો. એ યુદ્ધ ૧૨ દિવસ ચાલ્યું અને ઈરાન અત્યારની જેમ જ ત્યારે ભારે પડ્યું હતું. એ યુદ્ધમાં અમેરિકા મદદગાર હતું,

...અનુસંધાન પાના નં. 7

સિલી પોઈંટ

રમજાનના પવિત્ર માસમાં અફઘાનિસ્તાનની હોસ્પિટલ પર હુમલો કરી 400 મુસ્લિમ દર્દીઓની હત્યા કરી નાપાક પાકિસ્તાનના અસીમ મુનીરનું બંકરમાં છુપાઈ જવું એ ક્યા પ્રકારની બહાદુરી!!??